**શાસન શિરોમણિ, નિશ્ચયરત્નત્રયાત્મક મોક્ષમાર્ગ પ્રકાશક, ભાવિના ભગવાન, જિનેન્દ્ર લઘુનંદન વહાલા કહાનગુરુની ૧૩૧મી જન્મજયંતીના મંગલકારી પ્રસંગે તેઓશ્રીના પાવન પાદપંકજમાં શત શત વંદન હો!**



ગુરુદેવ તો પોતે એક અલૌકિક દ્રવ્ય હતાં, અલૌકિક એમનું પરિણમન હતું ને પુણ્યનો—વાણીનો યોગ પણ કોઈ અલૌકિક સાતિશય યોગ હતો. ગુરુદેવશ્રીને શ્રુતની લબ્ધિ હતી. સાંભળનારને તો કાનમાં કોઈ અમૃતની ધાર કરતું હોય એવું મીઠું લાગે. કેટલાક જીવોને તો એવું લાગ્યું છે કે જાણે કોઈ દૈવીવાણી આવે છે!! એક અસાધારણ યુગપુરુષ જેવું ગુરુદેવનું વ્યક્તિત્વ હતું અને કર્તૃત્વ પણ એવું જ હતું.

(—પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ)

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૪૬ : અંક–૨૬૮, વર્ષ–૨૪, એપ્રિલ–૨૦૨૦

## અષાઢ વદ ૪, બુધવાર, તા.૬-૦૭-૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા–૭૪ પ્રવચન–૨૭

'યોગસાર' એટલે શું? યોગ એટલે જોડાવું એમ (અર્થ) થાય છે. શેમાં? કે, આ આત્મા અંદર સચ્ચિદાનંદ શુદ્ધ સ્વરૂપ ધ્રુવ સ્વરૂપ છે. આ દેહ, વાણી આ તો માટી જડ છે, એનાથી જુદું પણ અંદર પુણ્ય-પાપના જે શુભ-અશુભભાવો થાય, વિકલ્પો (થાય) એ વિકાર છે એનાથી એ જુદું તત્ત્વ છે. એ આત્મામાં...

અહીંયાં વડનો દાખલો આપ્યો છે. બીજમાં જેમ વડ છે એમ આ આત્મસ્વભાવમાં પરમાત્મસ્વરૂપ પૂર્ણ પડ્યું છે. સમજાય છે કાંઈ? જેમ પીપરના દાણામાં... પીપર-પીપર થાય છે ને? આ પીપર- લીંડીપીપર—છોટી પીપર. એ એક પીપરની અંદરમાં ચોસઠ પહોરી તીખાશ અંદર ભરી છે. કદે નાની, રંગે કાળી છતાં એના અંતર સ્વભાવમાં ચોસઠ પહોરી તીખાશ ભરી છે.


મુમુક્ષુ :— દસ્તાથી આવે છે?

ઉત્તર :— દસ્તાથી આવે તો પથરા ઘસી નાખે નહિ. આ ઘસે ત્યારે ચોસઠ પહોરી પ્રગટ થાય છે કે નહિ? ક્યાંથી આવી? પથરા ઘસવાથી આવે તો કોલસા અને કાંકરા ઘસવા જોઈએ. બરાબર છે કે નહિ આમાં ન્યાય, લોજીકથી? એ પીપરમાં ચોસઠ પહોરી તીખાશ ભરી છે. ચોસઠ પહોરી, એ તો હવે સોળ પૈસાનો રૂપિયો થયો ને? અત્યાર સુધી તો ચોસઠ પૈસાનો રૂપિયો હતો ને? ચોસઠ પૈસો એટલે કે પૂર્ણ રૂપિયો, આખો અખંડ. એમ પીપરમાં એક એક દાણામાં ચોસઠ પહોરી એટલે સોળ આના એટલે પૂરી તીખાશ ભરેલી છે. જે પડી છે એની પ્રાપ્તની પ્રાપ્તિ છે, છે એમાંથી આવે છે. ન હોય એમાંથી આવી શકે નહિ.

એમ આ દેહના રજકણોથી ભિન્ન ભગવાન આત્મા, એમાં ચોસઠ પહોરી એટલે પૂર્ણ જ્ઞાન અને આનંદ એમાં પડેલ છે. પીપરનો ભરોસો એને આવે કારણ કે વૈદો આદિએ ઘસીને ઘણીવાર જોયું હોય. એમ એ પીપરનો આટલો દાણો કદે નાનો, રંગે કાળો, અલ્પ તીખાશ બાહ્ય વ્યક્તપણે અલ્પ દેખાય છે પણ અંતરના સ્વભાવમાં એનું સત્ત્વ જે શક્તિરૂપ છે એ તો પૂરી ચોસઠ પહોરી તીખાશથી ભરેલો અને લીલો રંગ જેમાં પૂરો ભર્યો છે. બહારમાં ભલે કાળી (દેખાય) પણ અંદર એનો સ્વભાવ કાળો નથી, એમાં લીલો રંગ ભર્યો છે.

એમ ભગવાન આત્મા આ દેહમાં રહેલું તત્ત્વ ભલે શરીર પ્રમાણે હો, એ જ અહીંયાં કહે છે,

છતાં એના અંતર સત્ત્વમાં, અંતર શક્તિમાં જેમ બીજમાં આખું વડ છે, પીપરના દાણામાં જેમ ચોસઠ પહોરી તીખાશ અને લીલો રંગ પૂરો છે એમ ભગવાન આ આત્મા, એની અંતર શક્તિના સત્ત્વમાં, ધ્રુવપણામાં, સત્ત્વમાં ધ્રુવપણામાં પૂર્ણ આનંદ અને જ્ઞાન વ્યાપક પૂર્ણ પડ્યા છે. એને કોઈ દિ' એનો ભરોસો આવ્યો નથી. જગતની ચીજની મહત્તા અને મોટપ એને દેખાય છે. સમજાણું કાંઈ? આ સાકર થાય છે ને? શું કહેવાય આ? સેકરીન. છસો ગુણી કહે છે ને કાંઈ? છસો ગુણી મીઠાશ, એને માને કે, એ સાકરના રજકણોમાં એમાં અમુક જાતની રસની ઉગ્રતા થાય, ઉગ્રતા થાય (તો) છસો ગુણી એમાં થાય. એ રજકણમાં રસની એવી જાતની તાકાત પડી છે તો છસો ગુણી એમાં આવે છે. ગાંગડો આવડો હોય અને થોડી મીઠાશ (હોય), આ થોડું હોય અને ઘણી મીઠાશ (હોય). એ મીઠાશની દશાની–અવસ્થાની શક્તિ તો એ રજકણમાં હતી એમાંથી પ્રગટ થઈ છે.



એમ આ ભગવાન આત્મા, હું કોણ છું અને કેવડો છું એવી એને ખબર નથી. એને તો આ શરીર ને વાણી ને રાગ ને પુણ્ય ને પાપ, શુભ-અશુભભાવ થાય એવડો. એ નહિ. એમ જાણવાની જે કળા અલ્પજ્ઞ વર્તમાન દશા દેખાય છે, અલ્પ આ પરને જાણે છે ને? એ અલ્પ જ્ઞાનનો વિકાસ (છે) એટલો એ નથી. બીજમાં જેમ આખું વડ સમાણું છે, બીજમાં વડ છે, ન હોય તો આવ્યું ક્યાંથી? પ્રગટ્યું ક્યાંથી? કાંકરામાં પાણી નાખે. કાંકરા વાવે અને પાણી નાખે, વડ ઊગતો હોય તો. એ બીજમાં વડ થવાની તાકાત છે. ભાઈ! બરાબર છે કે નહિ આમાં? લોજીકથી તો વાત છે, આમાં ન્યાયથી જરી એણે જાણવું પડશે. કાંકરો વાવે નહિ, પાણી નાખે નહિ, દૂધ નાખે નહિ, એમાં લીંબોડી વાવે, લ્યો ને! વડ થશે? એ વડના બીજમાં વડ થવાની તાકાત છે.

એમ ભગવાન આત્મા દેહમાં રહેલું તત્ત્વ, એની વર્તમાન પ્રગટ અવસ્થા અલ્પ છે. પુણ્ય-પાપના વિકલ્પો કરે છે એ વિકાર છે, દુઃખરૂપ છે. ભગવાન અંતર એનો સ્વભાવ નિત્યાનંદ સ્વરૂપ આત્મા, એના સ્વભાવમાં તો કાયમ આનંદ, અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનની પૂર્ણતાથી ભરેલો એ ભગવાન આત્મા પૂર્ણ છે. એ પૂર્ણ છે એમાંથી પ્રાપ્તની પ્રાપ્તિ થાય છે. છે, કૂવામાં હોય તો અવેડામાં આવે, ન હોય તો ક્યાંથી ધૂળમાંથી આવે? સમજાણું કાંઈ? એમ ભગવાન આત્મા... કહ્યું ને? અહીં સુધી આવ્યું છે, જુઓ! 'તેવો જ આકાર મારા આત્મ ભગવાનનો છે.' પહેલો પેરેગ્રાફ થયો છે. ભાવાર્થ પહેલેથી લઈએ. જુઓ!

**'પોતાનો આત્મા પોતાના શરીરમાં વ્યાપક છે.'** ભગવાન આત્મા શરીર પ્રમાણે પણ ભિન્ન તત્ત્વ (છે). આ જડના આકારો, આ તો જડ છે, પ્રભુ એમાં પાણીનો કળશો જેમ હોય એ કાશીઘાટનો (હોય) એ કળશાનો આકાર ભિન્ન છે અને અંદર જળ—પાણી ભર્યું છે, એનો આકાર ભલે કળશા જેવો એ પાણીનો આકાર છે પણ એ પાણીનો આકાર કળશાથી ભિન્ન આકાર છે. સમજાય છે કાંઈ? એમ આ શરીર, કળશાઘાટનું શરીર છે ને? જુઓને આ. આ (શરીર) કાશીઘાટનો કળશો છે. એમાં ભગવાન આત્મા ચિદાનંદ બિરાજે છે. એ પણ એનો

આકાર, એની આકૃતિ પણ શરીર પ્રમાણે ભિન્ન છે. શરીર પ્રમાણે (હોવા) છતાં ભિન્ન છે અને એના સ્વભાવમાં અનંત જ્ઞાન, અનંત દર્શન (રહેલા છે). જેનો સ્વભાવ જાણવું, એ જાણવાના સ્વભાવની શક્તિની મર્યાદા, માપ કેમ હોય? એ સ્વભાવ બેહદ જ્ઞાન, બેહદ દર્શન, અમાપ શાંતિ, અમાપ આનંદ, શાંતિ એટલે ચારિત્ર, અમાપ અંતર અતીન્દ્રિય આનંદનો રસકંદ આત્મદ્રવ્યમાં પડ્યો છે. સમજાય છે કાંઈ?

એવા આત્માને શરીર પ્રમાણે હોવા છતાં, '**આ આત્મા સ્વયં ત્રણ લોકમાં મુખ્ય પદાર્થ પરમાત્મા દેવ છે.**' પોતે જ પરમાત્મા દેવ છે. પરમાત્મા થયા એ પોતાના સ્વરૂપથી થયા. સમજાય છે કાંઈ? એ પણ સ્વતંત્ર જેમ લાખો, કરોડો ગુણી પીપરની હોય છતાં દરેક પીપરમાં પૂરેપૂરી તાકાત છે અને પ્રગટ પૂરેપૂરી થાય છે. એમ અનેક આત્માઓ (છે), છતાં એક એક આત્મામાં પરિપૂર્ણ, વડમાં જેમ બીજ કે બીજમાં વડ (છે), (એમ) ભગવાન આત્મા પરિપૂર્ણ શક્તિ આનંદ આદિથી ભરેલું તત્ત્વ છે. સમજાણું?

આત્માદેવને જોઈએ તો આ શરીરથી દેખાય પણ એને શરીરથી ન જોવો જોઈએ, કહે છે. સમજાય છે કાંઈ? અથવા સંયોગી કર્મના કારણે પણ એમાં વિકાર ને કંઈ વિશુદ્ધિ એવી દશાના ભેદ દેખાય એ ભેદો ન જોતાં એકલો ચૈતન્ય દ્રવ્યસ્વભાવ, વસ્તુસ્વભાવ જોવો તો અભેદ અખંડ આનંદકંદ છે. એના ઉપર દૃષ્ટિ મૂકતાં આત્માને શાંતિ થાય, સમ્યગ્દર્શન થાય અને સ્વતંત્ર સુખની અંતરમાં શક્તિ જે પડી છે એ અંતર એકાકાર થતાં અંતરના આનંદની ઝળક, એની શ્રદ્ધાના, જ્ઞાનમાં અંતરમાં વળતાં થાય છે. જેમ પીપરને ઘૂંટતા જેમ પાંચ-દસ પહોરી, પચીસ પહોરી થાય, છેલ્લે ચોસઠ પહોરી થાય, છેલ્લે ત્રેસઠ છે ને? ત્રેસઠનો વ્યય, ત્રેસઠનો અભાવ થઈને ચોસઠ થઈ છે. એ ત્રેસઠમાંથી ચોસઠ નથી આવી. થોડામાંથી ઘણી નથી આવી, ત્રેસઠ ગઈ અને ચોસઠ થઈ એ ચોસઠ અંદરમાંથી શક્તિમાંથી આવી છે. સમજાણું કાંઈ? એમ ભગવાન આત્મા, અંતરમાં આ જે અલ્પ જ્ઞાન બહારમાં પ્રગટ દેખાય છે, રાગ દેખાય છે, એ રાગ એની ચીજ નથી, વિકૃતભાવ છે. અલ્પ જ્ઞાન દેખાય છે એટલો એ નથી. કેમકે અંદરમાં એકાકાર થતાં જ્ઞાનની શક્તિની વ્યક્તતા—પ્રગટતા વિશેષતા દેખાય છે. તો એ વિશેષ જ્ઞાનની દશા દેખાય છે એ પૂર્વની દશા ગઈ એમાંથી નથી આવતી. એ વિશેષ શક્તિમાંથી અંદર શક્તિ પડી છે એમાં એકાકાર થતાં જ્ઞાનની કળાની ઉગ્રતા પ્રગટ જે દશામાં થાય તે કળાનું ધામ એ ચૈતન્યદ્રવ્ય અને ધ્રુવસ્વભાવ છે. એની ખાણમાંથી એ કળા પ્રગટ થાય છે. સમજાણું કાંઈ?

એ આત્મા કેવો એણે કોઈ દિ' અનંત કાળમાં જાણ્યો નથી. સમજાણું કાંઈ? 'નરસિંહ મહેતા' કહે છે ને? 'જ્યાં લગી આત્મા તત્ત્વ જાણ્યો નહિ, ત્યાં લગી સાધના સર્વ જૂઠી' ભાઈ! સાંભળ્યું છે ને? હેં? 'જ્યાં લગી આત્મા તત્ત્વ જાણ્યો નહિ, ત્યાં લગી સાધના શેની? શું કર્યું તીર્થ ને તપ કરવા થકી?' તારા બધા વ્રત ને નિયમ મીંડા છે, કહે છે. સમજાણું? જાત્રા ને ભક્તિ ને પૂજા ને ભગવાન પાસે ટોકરી વગાડે.. પણ આ આત્મા શું છે? એવા તત્ત્વના સામર્થ્યના અનુભવ ને પ્રતીત વિના એ બધા નિરર્થક ચાર ગતિમાં રખડવા માટે છે. સમજાણું કાંઈ?

એટલે અહીં કહે છે, ભગવાન આત્મા.. '**દ્રવ્યદૃષ્ટિથી જીવની સાથે કર્મોનો સંયોગ દેખાતો નથી.**' આની કોર છે, ભાઈ! વસ્તુદૃષ્ટિએ જોઈએ, જેમ એ પીપરને તેની શક્તિના સત્ત્વથી જોઈએ તો તે કાળી અને અલ્પ તીખાશ તેનામાં નથી. તેનામાં તો પૂર્ણ તીખાશથી ભરેલું અને પૂર્ણ લીલાં રંગથી ભરેલું એ તત્ત્વ છે. એમ ભગવાન આત્માને વસ્તુથી

જોઈએ, એના પદાર્થના સત્ત્વથી જોઈએ તો એને કર્મના સંગથી (થયેલો) વિકાર એ એનામાં છે જ નહિ. એમ કર્મના ઘટવાથી, પુરુષાર્થથી કંઈ કર્મ ઘટે અને વિશુદ્ધિ થોડી વધે, એવા ભંગ પણ જેની અંતર ચીજમાં નથી. પીપરમાં જેમ બે પહોરી, પાંચ પહોરી, દસ પહોરી પ્રગટ થાય પણ એ બધા ભંગ અંતરમાં એવા નથી. અંતરમાં તો પૂર્ણ, પૂર્ણ, પૂર્ણ, પૂર્ણ પડેલું છે. 'શશીભાઈ'!

મુમુક્ષુ :— દાખલામાં તો વાત બેસી જાય છે.

ઉત્તર :— આ દાખલો શું કરવા (આપીએ છીએ)? દાખલા માટે દાખલો છે? કે સિદ્ધાંત માટે દાખલો છે? સિદ્ધાંત માટે દાખલો છે કે દાખલા માટે દાખલો છે? દાખલામાંથી પેલો સિદ્ધાંત તારવવા માટે દાખલો છે. સમજાણું કાંઈ?

કહે છે, ભગવાન આત્માને વસ્તુદૃષ્ટિએ જો જોઈએ, પદાર્થદૃષ્ટિથી અંતરદૃષ્ટિ મૂકવાથી અંતર પૂર્ણ જ્ઞાન, આનંદથી જોઈએ તો એને કર્મનો સંયોગ અને એના નિમિત્તે પોતે પુરુષાર્થથી ઊંધો વિકાર, પુણ્ય-પાપ કરે અને અલ્પજ્ઞપણું, એ બધું એનામાં પૂર્ણ દૃષ્ટિથી જોઈએ તો છે નહિ. સમજાણું કાંઈ?

**'એ દૃષ્ટિએ કર્મસાપેક્ષ થઈ જાય છે. કર્મોની અપેક્ષા ન લેનારા દ્રવ્યાર્થિકનયમાં આ ક્ષાયિક ભાવનો પણ વિચાર આવી શકતો નથી.'** જરી ઝીણી વાત છે. આત્મ વસ્તુ, એની પૂર્ણ શક્તિનું સત્ત્વ જોતાં એની પ્રગટ અવસ્થા જે રાગના અભાવ થઈને, કર્મનો અભાવ કરીને, પુરુષાર્થ દ્વારા જે દશા પ્રગટ થાય એ દશા પણ ક્ષણિક અવસ્થાની પૂર્ણતા છે, ક્ષણિક અવસ્થાની પૂર્ણતા છે, આખી પૂર્ણતા નથી. સમજાણું કાંઈ? કોઈ દિ' એણે પોતાની જાત શું છે એને જોઈ નથી. બાકી ભણી ભણીને ભણ્યા બધા જગતના થોથાં અને શાસ્ત્ર ભણ્યા. પણ શાસ્ત્રમાંથી શું કાઢવું છે એની ખબર ન મળે.

આ ભગવાન આત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં પૂર્ણ આનંદ ને પૂર્ણ જ્ઞાન ને પૂર્ણ શાંતિના, પૂર્ણ સ્વચ્છતાના, પૂર્ણ પ્રભુતાના સામર્થ્યથી—સ્વભાવથી ભરેલો એ પદાર્થ છે. એ દૃષ્ટિથી જોઈએ તો એને દશા જે નવી પ્રગટે, એની પણ જેના ત્રિકાળ દ્રવ્યની દૃષ્ટિમાં અપેક્ષા રહેતી નથી. કહો, સમજાય છે કે નહિ આમાં? 'માંગીરામજી'! એ તો **'અનાદિથી અનંતકાળ સુધી સર્વ વસ્તુને પોતાના મૂળ સ્વભાવમાં દેખાડનાર દ્રવ્યાર્થિક નય છે.'** દ્રવ્ય—વસ્તુને દેખવાની દૃષ્ટિએ અનાદિઅનંત સત્.. સત્.. સત્.. સત્.. સત્.. સત્.. છે.. છે.. છે.. હૈ.. હૈ.. હૈ.. આદિ નહિ, અંત નહિ, ઉત્પન્ન નહિ, નાશ નહિ, એવો જે આત્મપદાર્થ ધ્રુવ સત્, છે.. છે.. છે.. એમ એનું જ્ઞાન, આનંદ છે.. છે.. છે.. પૂર્ણ.. પૂર્ણ.. પૂર્ણ.. પૂર્ણ.. છે. આહાહા..! 'વિમલચંદજી'!

એણે કોઈ દિ' આત્મા શું છે? કેવો, કેમ છે? (એ જોયું નથી). એ એમ કહે છે કે, આપણે કાંઈક પવિત્રતા પ્રગટ કરવી છે. એમ કહે છે ને? ત્યારે એનો અર્થ થયો કે એની વર્તમાન દશામાં પવિત્રતા નથી. જો વર્તમાન દશા—હાલતમાં પવિત્રતા હોય તો પવિત્રતા કરવી છે એ રહેતું નથી. ત્યારે એનો અર્થ એ થયો કે એની દશામાં—હાલતમાં વર્તમાનમાં તો અપવિત્રતા છે. હવે પવિત્રતા મારે કરવી છે એમ કહેનાર પવિત્રતા લાવશે ક્યાંથી? અપવિત્રતા જે છે એમાંથી પવિત્રતા આવશે? અપવિત્રતા જાય એમાંથી પવિત્રતા આવશે? અપવિત્રતાની દશા જાય અને પવિત્રતા અંદરમાં પડી છે એમાંથી આવશે. ભાવમાંથી ભાવ આવે.

અપવિત્રતા મારે ટાળવી છે અને પવિત્રતા જોઈએ છે. એનો સિદ્ધાંત એ થયો કે, એની દશામાં અપવિત્રતા છે એ નાશ થઈ શકે છે અને એના સ્થાનમાં પવિત્રતા લાવી શકાય છે, પણ એ પવિત્રતા

ક્યાંથી આવશે? અપવિત્રતાની દશા ગઈ એમાંથી આવશે? ગઈ એમાંથી એ તો અભાવ થઈ ગયો. ભાવ જે છે અંદરમાં ત્રિકાળ ભાવ પવિત્રસ્વરૂપ છે એમાં એકાકાર કરતાં તેની અપવિત્રતા ટળીને પવિત્રતા પ્રગટ થાય છે.

અહીં તો કહે છે કે, પૂર્ણ પવિત્રતા પ્રગટે એ પણ એક હાલત અને દશા છે. ભાઈ! આહાહા..! જ્યાં વસ્તુને અંતર એકરૂપ ચિદાનંદ પૂર્ણ શક્તિનું સત્ત્વ જ્યાં જોવું છે એને તો વિકારવાળો નહિ, શરીરવાળો નહિ, આ અલ્પ વિકાસ થયો એ નહિ અને પૂર્ણ વિકાસની દશા તો એમાંથી નવી પ્રગટી, એટલો પણ નહિ, એ તો ત્રિકાળ જ્ઞાયકમૂર્તિ છે, ત્રિકાળ પૂર્ણ આનંદ અને શાંતરસનો કંદ છે. સમજાણું કાંઈ? એને જોતાં દૃષ્ટિમાં એક જ વસ્તુ દેખાય. પૂર્ણ.. પૂર્ણ.. પૂર્ણ.. પૂર્ણ.. બસ! એ દૃષ્ટિએ જોતાં આત્માને સમ્યગ્દર્શન અને શાંતિની દશા પ્રગટ થાય છે, બીજો કોઈ ઉપાય છે નહિ. સમજાણું આમાં?

**'આ દૃષ્ટિએ જોતાં આત્માની સાથે કર્મનો સંબંધ ન કદી હતો, ન છે, ન થશે.'** કર્મ છે, પણ વસ્તુદૃષ્ટિએ જોઈએ તો કર્મનો સંબંધ આત્માને છે જ નહિ. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ (છે) પણ એ દૃષ્ટિનું જોર ક્યાંથી લાવવું? કર્મનો સંબંધ હોવા છતાં નથી, ભાઈ! આહાહા..! પુણ્ય-પાપના જેવા ભાવ કરે છે, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ શુભભાવ છે, પુણ્ય છે, એનાથી પુણ્યબંધન થાય છે, કર્મ રજકણ (બંધાય છે). હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના એ પાપભાવ છે, એનાથી પાપબંધન (થાય) પણ એ કર્મ રજકણ છે, એ રજકણ છે એ કંઈ આત્માની મૂળ ચીજ નથી. તેમ જે કારણે કર્મ બંધાણું એવા ભાવ એ પણ કૃત્રિમ વિકાર છે, એ લક્ષે ન જોતાં વસ્તુની દૃષ્ટિએ જોવો તો એને કર્મનો સંબંધ પણ નથી, કર્મ (સંબંધ) હતો પણ નહિ, સંબંધ ત્રણ કાળમાં નથી. આ એ તો નથી પણ વિકારની લાગણી જે ઉત્પન્ન થાય એ પણ વસ્તુની દૃષ્ટિએ જોતાં એનામાં છે નહિ. એટલી દૃષ્ટિના જોરે જ્યારે આત્માનો સ્વીકાર થાય, એ દૃષ્ટિના જોરે આ આત્મા પરિપૂર્ણ અખંડાનંદ એકરૂપ છે, એવો દૃષ્ટિના જોરે સ્વીકાર થાય, વિકાર અને કર્મનો સંબંધ મારે છે જ નહિ, એવી દૃષ્ટિ થતાં તેને અંતરમાં સમ્યગ્દર્શન, જ્ઞાન ને શાંતિના કણિયા, શાંતિના કણિયા અંતરમાંથી પ્રગટ થાય.

કોણ કહે છે? ધૂળમાંય સુખ નથી. સુખ તો ન્યાં છે. મરી ગયો બહારમાં, સુખ તે આત્મામાં હોય કે આત્માનું સુખ પરમાં હોય? ધૂળમાં સુખ હોય? આ શરીરમાં, માંસમાં, હાડકામાં, પૈસામાં, દાળ, ભાત, મોસંબી, માખણ, રેશમના ગાદલા ધૂળમાં સુખ હશે? આનું સુખ ન્યાં હશે? એને ખબર નથી. આત્મામાં એના અતીન્દ્રિય આનંદથી ભરેલું એ તત્ત્વ છે. સચ્ચિદાનંદ સ્વરૂપ સત્ શાશ્વત ચિદ્જ્ઞાન અને આનંદ, અતીન્દ્રિય આનંદનો રસકંદ પરિપૂર્ણ પ્રભુઆત્મા છે. સમજાણું કાંઈ? એ દૃષ્ટિથી જોતાં કર્મના સંબંધના અને કર્મના સંબંધે થતી દશાઓ, તેની દૃષ્ટિના વિષયમાં એ આવતી નથી. એવી દૃષ્ટિ પ્રગટ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. આહાહા..! કેવું સુખ હશે આ પૈસામાં? હેં? તો શું કરવા ત્યાં તમારા જાય છે? ન્યાં હેરાન થાય છે. કહો, હેરાન થાય છે. દીકરાને 'અમેરિકા'માં દસ હજારનો પગાર મળે છે ને! હેરાન થવા ગયા છે, ન્યાં હેરાન થવા. એ પોતે કહે છે, હોં! એ પોતે. એમાં ધૂળમાં સુખ નથી. એ બિચારા આવે ત્યારે કહે, આમાં કાંઈ નથી. કરવાનું તો આ છે, એમ કહે છે. દસ હજાર પગાર હોય કે વીસ હજાર મહિનાના હોય, (એમાં) આત્માને શું? હેરાન, આકુળતા છે. આકુળતા.. આકુળતા.. આકુળતા.. આ આવ્યું ને આ ગયું, વિકલ્પ, હોં! વિકલ્પ. હોળી વિકલ્પની છે, ઈ ચીજ તો અહીં અડતી પણ નથી. અહીં અડે છે? ગરી જાય છે

અહીં? આત્મા તો અરૂપી ભગવાન છે, એને રૂપી અડે છે? એ તો રૂપી પરમાણુ જડ વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળા છે. વિકલ્પ ઊઠાવે, વિકલ્પ. આ મને મળ્યું, મેં ટાળ્યું. એવા વિકલ્પની વાસના ઊઠાવે એ દુઃખદાયક વિકલ્પ છે.

જેને સુખ અને શાંતિ એટલે સ્વતંત્રતા જોઈતી હોય એણે એ કલ્પનાની પાર ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ છે તેની દૃષ્ટિ કરવી જોઈએ. એ દૃષ્ટિમાં સ્વતંત્રતા પ્રગટ થઈ અને શાંતિ પ્રગટ થાય છે. એ સિવાય કોઈ સુખનો રસ્તો છે નહિ. સમજાણું કાંઈ?

'**ત્રણે કાળે એક સ્વરૂપે શુદ્ધ સ્ફટિકમણિ સમાન દેખાતો આ આત્મા છે.**' જેમ સ્ફટિક મણિ, શુદ્ધ સ્ફટિક મણિ, શુદ્ધ—સફેદ છે એને વર્તમાનમાં કાળા, રાતાં ફૂલના નિમિત્તથી અંદર જે કાળો, રાતો ડંખ દેખાય એ કાંઈ સ્ફટિકનું મૂળ સ્વરૂપ નથી. એમ સ્ફટિકની મૂળ ચીજથી જો જુઓ તો કાળા, રાતાં ફૂલથી અંદર જે કાળો, રાતો ડાઘ દેખાય છે એ એનું સ્વરૂપ નથી. એમ આ ભગવાન તો ચૈતન્ય સ્વરૂપ સ્ફટિક છે. આ પત્થર એ જડ સ્ફટિક છે. ચૈતન્ય સ્ફટિક, જ્ઞાનાનંદ સ્ફટિક, મૂર્તિ પ્રભુ નિર્મળાનંદ છે, એ દૃષ્ટિએ જુઓ તો એમાં પુણ્ય-પાપના વિકારના ડાઘ પણ એના સ્વરૂપમાં નથી. એવી દૃષ્ટિ આત્માની કરવી એનું નામ ધર્મદૃષ્ટિ છે અને આ ધર્મદૃષ્ટિ કર્યા વિના ત્રણકાળમાં કોઈને ધર્મ થતો નથી. સમજાણું કાંઈ? ભારે મોંઘું પડે છે, એમ કેટલાક કહે છે. હેં?

ધર્મ વિના ક્યાં સુખી હતો? ધૂળમાં. સુખી ક્યાંથી આવ્યું? ઈ વાત તો પહેલી કરી કે, ધર્મ વિના સુખ નથી. ધર્મ સુખ તે આત્મામાં છે. આનંદકંદ પ્રભુ સચ્ચિદાનંદ સત્ શાશ્વત જ્ઞાન અને આનંદનો ભંડાર પરિપૂર્ણ છે, પીપરના દાણાની શક્તિના દાખલે. એમાં અંતર દૃષ્ટિ દીધે સુખી થાય એવો છે, બાકી ધૂળમાં ક્યાંય સુખ છે નહિ. શેઠિયા ને રાજા ભિખારા, ભિખારા બધા દુઃખી છે. કરોડોપતિ, અબજોપતિ જડના પતિ (છે), ચૈતન્યના પતિ નહિ. 'મલૂકચંદભાઈ'! જડના પતિ? કલ્પના માને છે, ધૂળમાં ક્યાંય (સુખ નથી). એની પાસે અહીં ચીજ કે દિ' આવે છે? આહાહા..!

ભગવાન સત્ સ્વરૂપ કાયમી અસલી ચીજ, જેના મીંજમાં એકલો આનંદ ને જ્ઞાન ને શુદ્ધતાની પરિપૂર્ણતા છે, કહે છે કે એવી દૃષ્ટિએ જોતાં એને આ નારકી ને મનુષ્ય ને દેવ ને રાગ ને દ્વેષ, આ દૃષ્ટિએ જોતા એનામાં છે નહિ અને એ દૃષ્ટિ કરવી એ જ આત્માને હિતકર છે. સમજાણું?

'**પર્યાયની દૃષ્ટિથી છે...**' અવસ્થાદૃષ્ટિએ જોઈએ તો દેખાય છે. વર્તમાન દશામાં રાગ છે પણ એ દૃષ્ટિ તો જાણવા લાયક છે, એ કંઈ આદરવા લાયક નથી. આદરવા લાયક તો અંદર ત્રિકાળ (સ્વરૂપ છે). વિકલ્પ હોવા છતાં મારા સ્વરૂપમાં નથી એવી પૂર્ણાનંદની દૃષ્ટિનો આશ્રય કરવો એ સુખી થવાનો રસ્તો છે. કહો, સમજાણું?

ખરેખર '**પરના ગ્રહણ અને સ્વગુણના ત્યાગ રહિત છે.**' છેલ્લે (લીટી) છે. ભગવાન આત્મા રાગનું પણ જેને સ્વભાવમાં ગ્રહણ નથી અને પોતાના શુદ્ધ ધ્રુવ ગુણને કોઈ દિ' છોડ્યા નથી. શુદ્ધ ધ્રુવ ગુણ જે શક્તિ, પીપરમાં ચોસઠ પહોરી તીખાશ અને લીલો રંગ કોઈ દિ' છોડ્યો નથી અને એ શક્તિએ કોઈ દિ' કાળો રંગ ગ્રહણ કર્યો નથી અને બહારની જે કરકરાઈ હોય છે ને પીપર ઉપર? એ અંદરના સ્વભાવમાં એણે ગ્રહ્યો નથી. એમ ભગવાન આત્મા, એના જ્ઞાન, આનંદ સ્વભાવમાં, એકાકારમાં એણે પુણ્ય-પાપના વિકાર અને અલ્પજ્ઞતા અંદરમાં ગ્રહી નથી અને પોતાનો ધ્રુવ શાશ્વત સ્વભાવ છે ઈ કોઈ દિ' એણે છોડ્યો નથી. સમજાણું કાંઈ? આ કઈ જાતનો ધર્મ? ઓલું તો દેરાસર કરવું, પૂજા કરવી,

ભક્તિ કરવી, ચાલો 'શેત્રુંજય' જઈ આવીએ, નાહી આવીએ એટલે ધર્મ થઈ ગયો. ધૂળમાંય ધર્મ નથી. તારા 'શેત્રુંજય' જા અને લાખ વાર ઉપર ચડ અને હેઠે ઉતર (તોપણ ધર્મ નથી). સમજાણું કાંઈ? શુભરાગ હોય, પાપથી બચવા શુભરાગ છે. ધર્મ નહિ, ધર્મ નહિ, ધર્મ નહિ. સમજાણું આમાં? એ બધી ઘણી વાત કરી છે.

**'જ્યાં સર્વને એક સમાન શુદ્ધ જોવામાં આવ્યા ત્યાં ન કોઈ મિત્ર રહ્યા, ન કોઈ શત્રુ. પોતાને અને સર્વને સમાન જોતાં રાગદ્વેષનો પત્તો જ લાગતો નથી.'** ભગવાન આત્મા પોતાના શુદ્ધ ધ્રુવ સ્વભાવને દેખવાથી, જેમાં રાગ-દ્વેષ પણ નથી એવો દેખવાથી જેને સ્વતંત્રતા પ્રગટ થાય છે તો એ રીતે બીજા આત્માઓ પણ શુદ્ધ ધ્રુવ સત્ત્વથી ભરેલા છે એમ જોતાં એના ઉપર રાગ-દ્વેષ કરવાનો અવસર રહેતો નથી. ભાઈ! સમજાણું કાંઈ? એ આત્મા પણ પૂર્ણાનંદ ને સચ્ચિદાનંદ ધ્રુવ શાશ્વત શક્તિમાં પરિપૂર્ણ છે. જેમ પોતાની દૃષ્ટિએ પોતાનું સ્વરૂપ જોતાં પોતાને શાંતિ અને વિકારરહિત ભાસે, એ દૃષ્ટિએ બીજા બધા આત્માને જુએ તો એ આત્મા પણ પૂર્ણાનંદથી ભરેલા છે. એના રાગ-દ્વેષ આદિ ન જુએ તો આ વ્યક્તિ મારી વિરોધી અને આ વ્યક્તિ મારી મિત્ર એ વાત રહેતી નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'બધેય સમભાવ અને શાંતરસ વહે છે.'** ભગવાન આત્મા, એકલા શુભ-અશુભ વિકલ્પો રાગ કષાયભાવ, એનાથી રહિત (છે) એમ શ્રદ્ધા, જ્ઞાન કરતાં પોતાને શાંતિ આવે છે અને બીજા આત્માઓને એ રીતે દેખતા એના પ્રત્યે અનાદર કે કલુષિતતા થતી નથી. એના સ્વભાવ ઉપર સમભાવ સમભાવ (રહે છે), ભગવાન છે, એ પણ ભગવાન છે. જે દિ' પોતાને સંભાળશે તે દિ' ભગવાન થઈ જશે. સમજાણું કાંઈ? કંઈ બીજો ભગવાન થવા આવશે નહિ. પરમાત્મ શક્તિ એનામાં પણ પડી છે.

**'નિર્ગ્રંથ મુમુક્ષુએ આ રીતે સમભાવોમાં રમણતા કરીને સામાયિક ચારિત્રનું પાલન કરવું ઉચિત છે.'** સામાયિક ચારિત્ર. સામાયિક એટલે અંતર સમતા પ્રગટ કરવી. પૂર્ણ.. પૂર્ણ.. પૂર્ણ.. પૂર્ણ.. પૂર્ણ.. ઓ..હો...! જેનો સ્વભાવ પૂર્ણ સ્વભાવ, એના ઉપર દૃષ્ટિ વળતાં, પૂર્ણનો સ્વીકાર કરતાં અંતર દૃષ્ટિમાં સમતાભાવ પ્રગટ થાય છે. એ સમતાભાવ પ્રગટ થાય તેને સમ્યગ્દર્શન અને ધર્મ કહે છે. ધર્મ કોઈ એવી ચીજ નથી કે આમ કરીએ ને આમ પૂજા કરીએ ને ભક્તિ કર્યા ને વ્રત કર્યા ને આ પાળ્યા ને અપવાસ કર્યા. હોળી કરે, અપવાસનો વિકલ્પ તો શુભરાગ છે. સમજાણું કાંઈ? આ વાત દુનિયાથી જુદી જાત છે. **'સ્વાનુભવમાં લીન થઈને સર્વ નયોના વિચારથી પણ રહિત થઈને આત્માનંદમાં મસ્ત થઈ જાય.'** (પછી) 'સમાધિ શતક'નો દાખલો આપ્યો છે. હવે ૭૫, ૭૫ ગાથા છે ને?

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (એપ્રિલ-૨૦૨૦)નું શુલ્ક એક મુમુક્ષુ, અમેરિકા તરફથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**



**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ–૧૫૧ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા. ૧૬–૧–૧૯૮૩, પ્રવચન નં. ૫૫ (વિષય : માર્ગદર્શન)**

**પ્રશ્ન :- તો પછી અમારે શાસ્ત્ર ભણવા કે નહીં?**

**સમાધાન :- આત્માના લક્ષે શાસ્ત્ર ભણવા તેમ પ્રવચનસારમાં કહ્યું છે કેમ કે શાસ્ત્રનું કહેવું એમ છે કે, ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ શાશ્વત આનંદની મૂર્તિ છે, તેનું જ્ઞાન કરવું, અનુભવ કરવો. કરણાનુયોગ કે ચરણાનુયોગના ભણતરનો લાભ શું?—કે તે ચારેય અનુયોગ ભણવાનો ગુણ જે આત્માનો અનુભવ તે પ્રાપ્ત કરવો, તે શાસ્ત્ર ભણતરનો લાભ છે. એટલે કે આત્માનો અનુભવ કરવો તે શાસ્ત્રઅભ્યાસનું તાત્પર્ય છે. ૧૫૧.**

૧૫૧ નંબરનો બોલ છે. ૧૫૦ નંબરના બોલના અનુસંધાનનો વિષય છે. 'સમયસાર' ગાથા-૨૭૪. ગાથાનો મૂળભૂત વિષય એ છે કે શાસ્ત્ર ભણવાનો લાભ શું? ગુણ એટલે લાભ. શાસ્ત્ર ભણતરનો ગુણ શું? પૂજ્ય ગુરુદેવશ્રીએ એમ ફરમાવ્યું કે જેમ ભક્તિ, દાન, પૂજા, યાત્રા, વ્રત, નિયમ, સંયમ, તપ વગેરેના શુભરાગના પરિણામ બંધનું કારણ છે, એમ શાસ્ત્ર ભણતરનો રાગ છે એ પણ પુણ્યબંધનું કારણ છે. એનાથી પ્રશ્ન ઉઠાવ્યો છે કે એ રાગ પુણ્યબંધનું કારણ છે પણ યથાર્થપણે શાસ્ત્ર ભણતર એટલે શાસ્ત્રમાં જે કહેવા ધારે છે એ શાસ્ત્રઆજ્ઞાનો જો અમલ કરે, શાસ્ત્રની આજ્ઞાનો જો જીવ અમલ કરે તો રાગથી અને દેહથી ભિન્ન જે જ્ઞાન વસ્તુમય આત્મા છે એનો અનુભવ થાય. કેમકે એમાં એ વિધાન છે. વિધિ-વિધાન જે કહેવામાં આવે છે એ સ્વરૂપાનુભવ કરવો, રાગથી અને દેહથી ભિન્ન, ભિન્ન વસ્તુભૂત છે આત્મા, એવા જ્ઞાનમય આત્માનું જ્ઞાન કરવું, અનુભવ કરવો એવી જે વિધિ બતાવી છે એનો અમલ કરે ત્યારે એણે, અમલ કરે એટલે આચરણ કરે, વાંચે ત્યાં સુધી રાગ છે, શાસ્ત્ર વાંચે ત્યાં સુધી રાગ છે પણ જે શાસ્ત્રમાં કહ્યું તે પ્રમાણે આચરણ કરે, અંતરંગ આચરણ કરે, સ્વરૂપ સન્મુખ થઈને આચરણ કરે ત્યારે એને ઉપચારથી એમ કહેવાય કે એ શાસ્ત્ર ભણતરનો ગુણ છે. એવો જ્યારે આત્મલાભ થાય ત્યારે એને શાસ્ત્ર ભણતરનો ગુણ થયો એમ કહેવામાં આવે છે. એ લાભ છે.

પણ જેને એવું જ્ઞાન નથી તે શાસ્ત્ર ભણ્યો તો શું થયું? કે કાંઈ એને થયું નહિ. તેથી કોઈ લાભ નથી. પુણ્ય બંધાણા એ કાંઈ આત્માને લાભ થયો એમ કહી શકાય નહિ. ખરેખર તો પુણ્યબંધન છે, આત્માના જ્ઞાનના અને ભાન વિના જે કોઈ પુણ્ય બંધાય છે, એ પુણ્ય પરંપરાએ પાપનું કારણ થાય છે. પુણ્ય, પાપનું કારણ થાય છે. કેમકે તે પુણ્ય બંધાય છે એનો જ્યારે ઉદય આવે છે ત્યારે

ભોગ-ઉપભોગની વિલાસની સામગ્રી આજુબાજુ ગોઠવાય છે અને જીવને અસંગતત્ત્વનું ભાન નહિ હોવાથી, આ સર્વ સામગ્રીઓથી હું અસંગ છું એવું અસંગતત્ત્વનું અંતરમાં ભાન નહિ હોવાથી એ એની અંદર લપટાય છે. ત્યારે એ નવા તીવ્ર પાપને બાંધે છે.

દેવલોકના જીવો એકેન્દ્રિયમાં વિશેષપણે જાય છે. મનુષ્યમાંથી સીધા એકેન્દ્રિયમાં જનારની એટલી સંખ્યા નથી જેટલા દેવમાંથી સીધા એકેન્દ્રિયમાં જાય છે. મિથ્યાદષ્ટિ દેવો તીવ્રપણે બાહ્ય સંયોગોમાં એટલા રસથી પરિણમે છે એને છેલ્લા પરિણામ બહુ બગડે છે. અહીંયાં શું છે, ઓચિંતુ મૃત્યુ આવે છે. .. છેને? એને છ મહિના પહેલા કહી દે છે, .. માળા ગળાની કહી દે છે. એના ફૂલ કરમાય છે એ એને એક નિશાની-સિગ્નલ મળે છે કે આજથી છ મહિને હવે તમારી આ સ્થિતિ પૂરી થાય છે. સર્વસ્વપણે એને ત્યાં માનેલું હોવાથી પરિણામ ઘણા બગડે છે. આ બધા સંયોગનો વિયોગ થશે એમાં ઝુરી ઝુરીને મરે એવી એની પરિસ્થિતિ છે. એ પરિણામથી એને એકેન્દ્રિયાદિની ગતિ થઈ જાય છે.

મુમુક્ષુ :- મતિ એવી ગતિ...

પૂજ્ય ભાઈશ્રી :- મતિ એવી જ ગતિ થઈ એની. એની મતિ જ એવી હતી. જડમાં વધારે તીવ્ર રસ લેવો, જડ જેવો થઈ જવાની મતિ હતી. જૈન સંપ્રદાય સિવાય એકેન્દ્રિય જીવોને લોકો જીવો તરીકે સ્વીકારતા જ નથી. પથ્થરનો જીવ, પૃથ્વીનો જીવ, પાણીનો જીવ, અગ્નિનો જીવ. એ તો બધા જડ જ માને છે. કોઈ જીવ તરીકે સ્વીકારતા જ નથી. એનું કારણ શું? કે જડમાં તન્મય, ઘણી તન્મયપણે પરિણતિ એની કામ કરે છે. એટલે જેવી મતિ એવી ગતિ.

મુમુક્ષુ :- અગ્નિના જીવ એટલે અગ્નિ પ્રગટ થાય છે એ જીવ છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ જે અગ્નિ દેખાય છે ને? એ એનો દેહ છે. જેમ અત્યારે આ દેહ દેખાય છે. આત્મા કોઈનો નથી દેખાતો. તમારો-મારો દેહ જોઈએ છીએ આપણે. આત્મા અરૂપી છે. કોઈ ચક્ષુ ઇન્દ્રિયથી આત્મા દેખાય નહિ. પણ જે દેખાય છે તે દેહ છે. પાણી જે દેખાય છે તે પાણી કાય છે. પાણીકાય કહીએ છીએ, અગ્નિકાય કહીએ છીએ, વનસ્પતિકાય કહીએ છીએ, વાયુકાય કહીએ છીએ. એ એની કાય એટલે શરીર છે. પણ અનંતા જીવો છે એમાં. એક જીવની એ કાય નથી. એક પાણીનું બિંદુ દેખાય છે (એ) અનંતા જીવોની કાય છે. એમ છે. એને લોકો જીવ તરીકે સ્વીકારે નહિ એવી સ્થિતિમાં (ચાલ્યો જાય છે). એણે પોતે પોતાને સ્વીકાર્યો નથી એટલે પછી બીજા પણ—જગત એને સ્વીકારતું નથી. એ પરિસ્થિતિ ઊભી થાય છે એમાં.

મુમુક્ષુ :- અગ્નિ પ્રગટે અને અગ્નિ બુઝાય જાય છે. એક સેકન્ડમાં જન્મે અને એક સેકન્ડમાં મરી જાય જીવ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમાં તો એમાં ને એમાં મરે છે. એક શ્વાસોશ્વાસમાં અઢાર વખત જન્મ-મરણ કરે છે. જે જીવો ત્યાં છે એ ત્યાંને ત્યાં એક શ્વાસોશ્વાસમાં અઢાર વખત જન્મ-મરણ કરે છે. આવું શાસ્ત્રપ્રમાણ છે. અગ્નિ પ્રજ્વલિત હોય ત્યારે પણ. બુઝાય જાય ત્યારે તો સવાલ જ નથી કે કોઈ જીવે છે, પણ પ્રજ્વલિત રહે ત્યારે પણ એમાં રહેલા જીવો એક શ્વાસોશ્વાસમાં અઢાર વખત જન્મ-મરણ કરે છે.

મુમુક્ષુ :- .. પ્રગટાવવામાં ...

પૂજ્ય ભાઈશ્રી :- બેયમાં દોષ જ છે. પ્રગટાવવામાં પણ દોષ છે અને ઠારવામાં પણ દોષ જ છે. એટલે તો ઇચ્છામાત્ર દોષ કહ્યો છે. એક તો તે ઇચ્છા પોતાના આત્માનો ઘાત કરે છે. તે ઇચ્છા અનુસાર કોઈ મન-વચન-કાયાની બાહ્ય ક્રિયા થવા લાયક હોય તો તે પરજીવોનો ઘાત કરે છે.

ઈચ્છાના નિમિત્તે જે કોઈ ક્રિયા થાય છે તે પરજીવોનો ઘાત કરે છે. ભગવાન સિદ્ધ પરમાત્માને વાણી બંધ રહી એનું કારણ શું?

મુમુક્ષુ :- .. થઈ હોય તો આપણે કાંઈ..

પૂજ્ય ભાઈશ્રી :- બગાડ થયો. આત્માનો કે કોઈ બહારમાં સંયોગનો? લાભ–નુકસાન આપણે જે આંકીએ છીએ એ આત્મામાં નહિ હોવા છતાં આત્માનું આંકીએ છીએ કે આ મને લાભ છે, આ મને નુકસાન છે. ખરેખર આત્માને લાભ–નુકસાન છે નહિ. છતાં માન્યતા ઈચ્છા થયા વગર રહેશે નહિ. એને લાભ–નુકસાન ગણતા નહિ હોવા છતાં એને ગણતરીમાં લેતા ઈચ્છા થયા વિના પછી રહેશે નહિ. પછી જેમ લાભ થશે તેમ જ ઈચ્છા, જેમ લાભ નક્કી કર્યો છે તેમ જ ઈચ્છા કામ કરશે. એથી વિરુદ્ધ કામ નહિ કરી શકે.

એટલે જ ભગવાનની ધ્યાનસ્થ પ્રતિમાનું સ્થાપન કેમ છે? કે બસ! એ ઉપદેશ આપે છે. મૌનપણે, વીતરાગી મુદ્રા મૌનપણે બોધ આપે છે કે સ્વરૂપસ્થ થઈ જા. એક ક્ષણનો તારો પ્રથમ સ્વરૂપસ્થનો ભાવ અનંત જન્મ-મરણનો નાશ કરે છે અને મુક્તિનો અંકુર એમાંથી ફૂટે છે. મોક્ષદશાનો અંકુર એમાંથી એવો ફૂટે છે કે એમાંથી મોક્ષફળ પ્રગટ થયા વિના રહે જ નહિ. આવો મહિમા પ્રથમ જઘન્ય દશાનો છે. કહેવાની જરૂર નથી કે એ દશાનો વિકાસ થાય તો વિશેષ વિશેષે આત્મિક દશામાં મુક્તિનો આનંદ વધતો જાય છે અને પૂર્ણ થાય છે. એ સમજાવવાની જરૂર રહેતી નથી.

અહીંયાં કહે છે, પ્રશ્ન ઉઠાવ્યો છે ૧૫૧માં. આ અનુસંધાન થોડું લઈ લીધું. કેમકે વિષય તેનો તે જ ચાલે છે. આ બોલ પણ ૨૭૪ ગાથાનો જ છે. '**તો પછી અમારે શાસ્ત્ર ભણવા કે નહીં?**' બીજી ક્રિયાને આપ બાહ્ય ક્રિયા કહો, શુભોપયોગની ક્રિયા કહો, પણ શાસ્ત્ર ભણતર તો જ્ઞાનનું નિમિત્ત છે, આત્મજ્ઞાનનું નિમિત્ત છે. અમારે શાસ્ત્ર ભણવા કે નહિ? આ પ્રશ્ન ઉઠાવ્યો છે. પ્રયોજનભૂત પ્રશ્ન છે.

તેનું '**સમાધાન :— આત્માના લક્ષે શાસ્ત્ર ભણવા તેમ પ્રવચનસારમાં કહ્યું છે...**' આત્માના લક્ષે શાસ્ત્ર ભણવા તેમ પ્રવચનસારમાં કહ્યું છે. જવાબ શું આપ્યો? ભણવા–ન ભણવાનો સીધો જવાબ નહિ પણ આત્માના લક્ષે શાસ્ત્ર ભણવા. એનો અર્થ એમ છે કે શાસ્ત્ર ભણતરનો જે સુયોગ્ય પ્રકાર છે તે પ્રકારે તે શાસ્ત્ર ભણતરની ક્રિયા થવી ઘટે છે. બીજા અયોગ્ય પ્રકારે શાસ્ત્ર ભણતરની ક્રિયા થવી જોઈએ નહિ.

હવે એનું થોડું પૃથક્કરણ કરીએ. શાસ્ત્ર ભણતરના કાળમાં શાસ્ત્ર ભણવાની એક ઈચ્છા, શાસ્ત્ર તરફના રાગનો એક પ્રકાર ઉત્પન્ન થાય છે, ઈચ્છા થાય છે કે શાસ્ત્ર ભણીએ. તો શાસ્ત્ર ભણતરના કાળમાં એક રાગનો પણ ભાગ છે અને શાસ્ત્ર ભણવાના કાળે જ્ઞાનનો ઉપયોગ પણ કાર્ય કરે છે કે આમાં કહેવા શું માગે છે? કે એમાં શુદ્ધાત્મા બતાવવા માગે છે, આત્માનું શુદ્ધ સ્વરૂપ બતાવવા માગે છે એટલે કે શુદ્ધ જ્ઞાન બતાવવા માગે છે. આત્મા શુદ્ધ સ્વરૂપ બતાવવા માગે છે એટલે? શુદ્ધ જ્ઞાન બતાવવા માગે છે, એકલું જ્ઞાન બતાવવા માગે છે. તો એણે જે જ્ઞાન એમાં સમજવા માગે છે. જ્ઞાનનું સ્વરૂપ, શુદ્ધ જ્ઞાનનું સ્વરૂપ તે પોતાનું જ સ્વરૂપ સમજવાનું છે ત્યાં. એટલે એનું લક્ષ ફરવું જોઈએ. શું કહે છે? કે જ્ઞાન જ્યારે જ્ઞાનનું સ્વરૂપ એટલે પોતાનું સ્વરૂપ સમજવા પ્રયાસ કરે ત્યારે એનું વલણ પોતા તરફ આવવું જોઈએ, એનું વલણ પોતા તરફ આવી જવું જોઈએ.

મુમુક્ષુ :- પોતા તરફ એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનનું વલણ જ્ઞાન ઉપર આવવું જોઈએ કે આમાં મારું એકલું સ્વરૂપ શું છે? આત્માવલોકન કાઢ્યું છે કે ને નહિ? નથી? મારે

ત્યાં તો ચાર-પાંચ નકલ પડી છે. છે? તમારે ઘરે છે? ઘણા વખતે આત્માવલોકન જોયું. હમણા ત્યાં કુદરતી સ્વાધ્યાયમાં પ્રકરણ નીકળી ગયું. એ જ પ્રકરણ નીકળી ગયું. લઈને બેઠા નહોતા. પણ એ પાનું નીકળ્યું અને એમાંથી ચાલી ગયું બધું.

શુદ્ધ જ્ઞાન. જ્ઞાનગુણનું સ્વરૂપ એમ લીધું છે. જ્ઞાનનું સ્વરૂપ નિર્વિકલ્પ છે એમ કહ્યું. તો કહે છે કે પણ સ્વપરપ્રકાશક છે. તો સ્વપરપ્રકાશક નિર્વિકલ્પ છે. ઠીક! આ કેવી રીતે? કે જે જ્ઞાન જ્ઞાનનો અનુભવ કરે છે, જે જ્ઞાન જ્ઞાનને વેદે છે એમાં પોતાને હયાતપણે અનુભવ કરે છે. જ્ઞાન પોતાની હયાતીનું વેદન કરે છે—અનુભવ કરે છે ત્યારે એ એમ અનુભવ કરે છે કે આ હું શુદ્ધ જ્ઞાન સ્વરૂપ છું, એકલા જ્ઞાનસ્વરૂપ છું અને એમાં કાંઈ નથી (અર્થાત્) મારા સિવાય એમાં કાંઈ નથી. પોતાનો શુદ્ધપણે અનુભવ કરતા, બીજાનું એમાં કાંઈ મળવું થતું નથી, ભળવું થતું નથી. એવું પરનું જ્ઞાન આવી જાય છે. પોતાનું જ્ઞાન થતાં પરનું જ્ઞાન કેમ આવ્યું? નિર્વિકલ્પપણે આવ્યું કે આમાં હું જ છું અને જ્ઞાનમયપણા સિવાય, મારા જ્ઞાનમયપણા સિવાય આમાં પર કાંઈ નથી. અને તેથી જ નવ તત્ત્વમાં પરને એક અજીવ કહીને મૂકી દીધું છે. નહિતર એ અજીવમાં પાંચ અજીવ છે. પુદ્ગલ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ. તો એમાં નવ તત્ત્વમાં એનો વિસ્તાર જ નથી એકમાં પાંચ દ્રવ્ય મૂક્યા, પાંચ દ્રવ્યના અનંતા ગુણ મૂક્યા, પાંચ દ્રવ્યના અનંતા પર્યાયો આવી ગયા. એક તત્ત્વ, એને નવમે ભાગે એક જ સ્થાન મળ્યું. અને તે પણ પર તરીકે જાણવા માટે. પર જાણ્યું, પરને પર તરીકે જાણ્યું. એટલે એ સિવાય એનું બીજું કોઈ પ્રયોજન નથી કે પર કેવું છે. એમ કહે છે.


જે ગામ જાવું નહિ એનું નામ શું લેવું? એમ નથી કહેતા આપણે ત્યાં? એમ જે પર આત્માને રાગનું, આકુળતાનું, અશાંતિનું, દુઃખનું અને પરિભ્રમણનું નિમિત્ત થાય છે. એની ચર્ચા શું લાવવી? એમ કહે છે. નવ તત્ત્વમાં એને એક અજીવતત્ત્વનું સ્થાન આપ્યું. અ-જીવ. જીવ નહિ એમ નાખ્યું. જીવના નામથી એને કહી દીધું કે અ-જીવ છે આ. આ જીવ નહિ. બસ આટલું જ. વળી એમાં પુદ્ગલ કોણ અને ધર્માસ્તિ કોણ એ નહિ. જીવ નહિ એમાં બધા આવી ગયા. અજીવ કહેતા. આવી રીતે લીધું છે. કેટલું પ્રયોજનથી નવ તત્ત્વનું સંકલન છે! પ્રયોજનના દષ્ટિકોણથી દષ્ટિપાત કરે તો એમ થાય કે વાહ!

મુમુક્ષુ :- દીપચંદજીનું જ છે?

પૂજ્ય ભાઈશ્રી :- દીપચંદજી કાસલીવાલ. ગુણનું પ્રકરણ છે ને? ગુણનું પ્રકરણ તો 'ચિદ્વિલાસ'માં આવે છે. ગુણ અધિકાર. જ્ઞાનગુણનું સ્વરૂપ. છે ને. ૧૪મે પાને જ છે. '**હવે જ્ઞાનગુણનું સ્વરૂપ કહીએ છીએ. જ્ઞાન જાણપણું એ રીતે નિર્વિકલ્પ છે.**' શરૂઆત અહીંથી કરે છે. '**જ્ઞાનગુણનું સ્વરૂપ કહીએ છીએ. જ્ઞાન એટલે જાણપણું એ રીતે નિર્વિકલ્પ છે. તે સ્વજ્ઞેયને જાણે છે. તે પરજ્ઞેયોને જાણવામાં જ્ઞાન નિશ્ચયથી જાણે તો જ્ઞાન જડ થાય. તાદાત્મ્યવૃત્તિથી એક થઈ જાય તેથી નિશ્ચયથી તો ન જાણે, ઉપચારથી જાણે તો સર્વજ્ઞતા કઈ રીતે બને? જો ઉપચાર માત્ર તો જૂઠો છે તો સર્વજ્ઞપણું જૂઠું થાય તે ન બને. તેનું સમાધાન :**' પોતે ને પોતે પ્રશ્ન ઉઠાવ્યો છે. જ્ઞાન છે એ નિર્વિકલ્પ છે. સ્વપર જ્ઞાન સ્વપર પદાર્થોને જાણે છે અને સ્વપર પદાર્થોને જાણતા પરપદાર્થોમાં જો તન્મય થાય તો જ્ઞાન જડ થાય. પણ સર્વજ્ઞપણું કહ્યું છે તેથી સર્વજ્ઞપણું પરપદાર્થને જાણવું જૂઠું કહીએ તો સર્વજ્ઞપણું જૂઠું થાય. તો જ્ઞાનનું સ્વરૂપ કઈ રીતે છે? આમ પ્રશ્ન ઉઠાવ્યો છે.

*(પ્રવચનનો શેષ અંશ આવતા અંકમાં)*

## પૂજ્ય બહેનશ્રીની વીડિયો તત્ત્વચર્ચા
## મંગલ વાણી–સીડી–૫ C



પ્રશ્ન :- હે કૃપાળુ માતાજી! આપ પહેલા બોલમાં ફરમાવો છો કે તને ક્યાંય ન ગમતું હોય તો અંદરમાં જા, ત્યાં ગમે તેવું છે. તો હે માતાજી! બહારમાં તો અમને ગમતું નથી પણ અંદરમાં જવાતું નથી. તો કૃપા કરી અંદરમાં જવાની રીત બતાવશો.

ઉત્તર :- બહારમાં ગમતું નથી. અંદરમાં જવાનું પોતે પોતાને ઓળખે તો જવાય અંદર, ઓળખ્યા વગર કાંઈ જવાય નહિ. પોતાને ઓળખે, પોતાનું શું સ્વરૂપ છે? પોતે જાણનારો છે. આ વિભાવ મારો સ્વભાવ નથી. પોતાને ઓળખ્યા વગર અંદર જઈ શકાતું નથી. માટે જેને સાચી લગની હોય તે પોતાને ઓળખવાનો પ્રયત્ન કરે છે. એ ઓળખે. 'ગુરુદેવે' શું માર્ગ બતાવ્યો છે. 'ગુરુદેવે' તો ઘણું જ સમજાવ્યું છે. એ પોતે સમજે અંદર વિચાર કરે કે દ્રવ્ય-ગુણ-પર્યાયનું શું સ્વરૂપ છે. એને સમજે તો અંદર જવાય.

ખરેખર જો બહાર ગમતું ન હોય અને ખરેખર જો આત્માની લગની લાગી હોય તો એ પોતાને ઓળખ્યા વગર રહેતો નથી. પોતાની સાચી લગની લાગી નથી અને બહાર વિભાવથી ખરેખર એ થાકી ગયો હોય કે એને દુઃખ લાગ્યું હોય તો અંદરમાં જવાનો એ રસ્તો પોતે જ કરી લે છે અને પોતે જ વિચારી લે. એકદમ દ્રવ્ય-ગુણ-પર્યાયનું શું સ્વરૂપ, ગુરુદેવે શું માર્ગ કીધો છે.

બાકી અનંત કાળનો અભ્યાસ છે એટલે એને અંદર જવું તો મુશ્કેલ પડે છે. પણ પોતાને ઓળખે તો અંદર જઈ શકાય એવું છે. અને અંદરમાં એને પોતાનો સ્વભાવ છે એટલે એ પોતાને ગમે એવું છે. બહાર તો કાંઈ પોતાનો સ્વભાવ નથી. અનંત કાળથી એમાં રોકાઈ ગયો છે. એટલે બહારમાં રુચિ લાગી ગઈ છે. બાકી અંતરમાં જો રુચિ લાગે તો સહજ સ્વભાવ પોતાનો છે. પોતાનું સહજ જ્ઞાન, સહજ દર્શન બધું સહજ છે. ઓળખે તો અંતરમાં જવાય, ઓળખ્યા વગર જઈ શકાતું નથી. ભેદજ્ઞાન કરે તો જવાય. અંદર પોતે દ્રવ્યને ઓળખે, દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે તો જવાય, બાકી જઈ શકાતું નથી. પોતાને ઓળખે તો જવાય. આ છેને, પ્રશ્નો વાંચીને એમ હમણાં નથી રાખવું. એકધારુ બોલવાથી મને શ્વાસ જેવું થાય છેને. એટલે એવી રીતે વાંચીને પ્રશ્ન કરે છેને, એ વળી જોઈશું એક-બે દિ' પછી. અદ્ધરથી પ્રશ્ન આવે છે. પ્રશ્નના પ્રશ્ન વચ્ચે થાયને, એટલે જરા આરામ મળે છે. એવું થાય છે. એકસાથે બોલું ને એટલે શ્વાસમાં (તકલીફ થાય છે).

પ્રશ્ન :- માતાજી! આપે બે દિવસ ગુરુભક્તિ ખૂબ સરસ કરાવી. એના ઉપરથી પ્રશ્ન એ ઊભો થયો કે શું બધા જ્ઞાનીઓને અને જ્ઞાની થનારને આવી ભક્તિ શું નિયમથી જ આવતી હશે?

ઉત્તર :- ભક્તિ તો આવે જ. કારણ કે અંદર ભાવના તો દેવ-ગુરુ-શાસ્ત્ર ઉપર ભક્તિ આવ્યા વગર તો રહે જ નહિ. પછી બહારની ક્રિયા કેવી જાતની થાય એ કાંઈ નિયમ નહિ. એને ભાવમાં તો ભક્તિ

આવ્યા વગર રહે નહિ. કારણ કે પોતાને જે માર્ગ રુચ્યો છે, પોતાને આત્માના સ્વભાવનો જે પ્રેમ લાગ્યો છે એ સ્વભાવ જેણે પ્રગટ કર્યો અને જેણે ઓળખાવ્યો એવા ગુણથી ભરેલા દેવ-ગુરુ-શાસ્ત્ર એના ઉપર એને ભક્તિ આવ્યા વગર રહેતી નથી. એને એમ નથી થાતું કે આ મારો સ્વભાવ જ છે, આ તો શુભભાવ છે એમ નથી થાતું. એ એમ દૃષ્ટિમાં સમજે છે કે આ શુભભાવ મારો સ્વભાવ નથી. બાકી પૂર્ણતા પ્રાપ્ત નથી થઈ ત્યાં સુધી દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ આવ્યા વગર રહેતી નથી. પછી શબ્દોમાં આવે યા ન આવે, બહારની ક્રિયામાં આવે યા ન આવે પણ એને અંતરમાં તો આવ્યા વગર રહેતું નથી.

પ્રશ્ન :- બહારમાં કોઈ વ્યક્ત કરી શકે અને ન પણ કરી શકે.

ઉત્તર :- હા. એમ પણ કરી શકે, ન પણ કરી શકે. પણ એને અંતરમાં ભાવના આવ્યા વગર રહેતી નથી. આચાર્યો પણ લખે છે અને પહેલા ભગવાનનું નામ લખે છે. જે જિનવરે કીધું છે તે હું કહું છું એમ કહે છે આચાર્યો તો. અને વિચાર કરે, મુનિઓ આદિ વિચાર કરે તો દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ વિચારે તો ભગવાને શું કીધું છે? એમ ભગવાનનો એમને વિચાર આવ્યા વગર રહેતો નથી.

પ્રશ્ન :- એટલી ઊંચી ભૂમિકામાં પહોંચ્યા પછી પણ આવો વિનયનો ભાવ આવે છે તો સામાન્ય જ્ઞાની અને જ્ઞાની થનારને પણ આવો ભક્તિભાવ તો અંદર (આવે છે).

ઉત્તર :- અંદર આવવો જોઈએ. બે દ્રવ્ય જુદા છે અને મારો સ્વભાવ નથી એટલે કાંઈ ભક્તિ એમાંથી ઊડી જાતી નથી. એ તો વસ્તુ સ્વરૂપ સમજવાનું છે કે બે દ્રવ્ય જુદાં (છે) અને જે શુભભાવ છે તે પોતાનું સ્વરૂપ નથી. એનાથી પણ પોતે જુદો છે. એમ વસ્તુ સ્વરૂપ સમજે, તે રૂપે પરિણતિ થાય. પણ અધૂરી ભૂમિકામાં શુભભાવો આવ્યા વગર રહેતા નથી. તો જિજ્ઞાસુની ભૂમિકામાં પણ ગુરુએ શું કીધું છે, ગુરુનો શું આશય છે? એવી ભાવના આવ્યા વગર રહેતી નથી, એવા વિચારો આવ્યા વગર રહેતા નથી. પછી એમ ન આવે કે હું બધું સમજી ગયો. હવે શું કામ છે? એવા વિચારો ન આવે. એને એમ આવે કે હજી તો ઘણું કરવાનું બાકી છે. ત્યાં સમજી ગયો ક્યાં આવે છે? હજી તો સમ્યગ્દર્શન થયા પછી પણ એમ નથી આવતું કે સમજી ગયો. તો પછી જ્યાં સમજ્યો જ નથી ત્યાં મને બધું સમજાય ગયું એવી ભાવના નથી આવતી. ક્યાં ગુરુએ શું કીધું છે? એનો શું આશય છે? સમજવાનું કેટલું છે? એવું એને આવા નહિ. યથાર્થ મુમુક્ષુતા જ્યાં પ્રગટી છે ત્યાં એવું ન આવે.

પ્રશ્ન :- માતાજી! મારે તો થોડું વધારે પૂછવું છે કે દેવ-ગુરુ પ્રત્યે તો દરેક જ્ઞાનીને અથવા જ્ઞાની થનારને ભક્તિ આવે જ. પણ પોતાના ઉપર જે ઉપકારી છે એના પ્રત્યે દેવ-ગુરુ કરતા પણ વધારે ભક્તિનો ભાવ આવતો હશે એવું ખરું?

ઉત્તર :- પોતાના ઉપકારી છે?

પ્રશ્ન :- હા. જેના નિમિત્તે પોતાને સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું છે અથવા સમ્યગ્દર્શન પ્રાપ્ત થવામાં નિમિત્ત કારણ થાય એવા છે એના પ્રત્યે સામાન્ય દેવ-ગુરુ-પ્રત્યે પણ જે ભક્તિનો ભાવ આવે એના કરતા વધારે ઉછાળો આવે એવો કોઈ નિયમ હશે ખરો?

ઉત્તર :- જેણે ઉપકાર કર્યો છે, માર્ગ જેણે પ્રગટ કર્યો છે એવા ગુરુ, જેણે માર્ગ બતાવ્યો એવા ગુરુ, માર્ગમાં જે નિમિત્ત બન્યા છે એવા ગુરુ એના ઉપર એને ભક્તિ વિશેષ એટલે દેવ-ગુરુ-શાસ્ત્ર દરેક

એને ગુણ અપેક્ષાએ બધું એ સમજે છે કે પૂરા થઈ ગયા, જે સાધના કરે છે મુનિઓ, એની કઈ ભૂમિકા, દેવની કઈ ભૂમિકા, એ પ્રમાણે બધા ઉપર એને ભક્તિ આવે. પણ આ ઉપકારી ગુરુ છે એમ સમજીને એ રીતે એને એ અપેક્ષાએ એવી વિશેષ આવે. એમ એ વિવેક કરે છે.

પ્રશ્ન :- એટલે મને બે દિવસની ભક્તિ આપની સાંભળ્યા પછી એ જ ભાવ આવ્યો કે આપે કહ્યું એ બરાબર છે કે દેવના સ્વરૂપને યથાર્થ સમજે, નિર્ગ્રંથ ગુરુ હોય તો એના સ્વરૂપને યથાર્થ સમજે એમ છતાં પણ જેનો પ્રત્યક્ષ ઉપકાર થયો છે અથવા જેનો પ્રત્યક્ષ ઉપકાર થવાનો સંભવ છે એના પ્રત્યે જ્ઞાનીને અને મુમુક્ષુને વિશેષ ભક્તિ આવે એવો નિયમ હશે ખરો?

ઉત્તર :- વિશેષ આવે એવો નિયમ છે. આવે, આવ્યા વગર રહે જ નહિ. એમાં બીજો નિષેધ નથી થાતો. બધું જેમ છે એમ યથાયોગ્ય ભૂમિકા જે દેવ-ગુરુ-શાસ્ત્રની એ પ્રમાણે જ આવે છે. પણ ઉપકાર થયો છે એને આવે વિશેષ.

પ્રશ્ન :- 'કુંદકુંદચાર્યે' કીધું 'જિનકથન ભાષા સૂત્રમય શાબ્દિક વિકારરૂપે થવું, એ જાણ્યું શિષ્ય ભદ્રબાહુ તણા અને એમ જ કહ્યું, જસ બોધ દ્વાદશ અંગનો ચૌદશ પૂર્વ વિસ્તારનો, જય હો શ્રુતંધર ભદ્રબાહુ ગમકગુરુ ભગવાનનો.' એ કાંઈ ઓછી ભક્તિ કરી છે.

ઉત્તર :- પોતાના ગુરુનું નામ લઈને બોલે છે.

પ્રશ્ન :- બે વાર, ત્રણ વાર કહ્યું. એમનું જ છે આ. એમ કે શિષ્યે જાણ્યું. કુંદકુંદાચાર્યે જાણ્યું એમ નહિ. 'તે જાણ્યું શિષ્યે ભદ્રબાહુ તણા' મેં તો એમ જ કહ્યું છે, જાણ્યું એ જ.

ઉત્તર :- પોતાના ગુરુનું નામ ખાસ જુદું લઈને બોલે છે. દરેક દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ કરીને ગુરુનું નામ જુદું લઈને બોલે છે. ઉપકારી ગુરુ.

પ્રશ્ન :- ભગવાન! તાત્કાલિક લાભનું કારણ તો આ થયું ને. આજે જેમ અમને 'બહેનશ્રી' પાસેથી જાણીને લાભ થાય તો અમને આવે જ આવે. એમાં શંકા નહિ. અમારે તો સાક્ષાત્ ભગવાન જ છે એમ સમજોને. ભગવાનનું સ્વરૂપ ચોખ્ખું આપણને અત્યારે દર્શાવી રહ્યા જ છે ને. આ કોઈ વિવેકની વાત નથી. દિલની વાત છે કે આપણે ત્યાં સાક્ષાત્ ભગવાન આપણે બીજે ક્યાં જોવા જવાના છે? હું બધાને એમ જ કહું છે કે અમને તો સાક્ષાત્ ભગવાન મળી જ ગયા છે. એ સિવાય અમારે બીજું શું જોઈએ?

ઉત્તર :- ગુરુદેવ બધાને સાક્ષાત્ જ મળ્યા હતા અને સાક્ષાત્ વાણી બધાએ સાંભળી છે. એ 'ગુરુદેવ'નો પરમ પરમ ઉપકાર છે. સાક્ષાત્ જ બધાને મળ્યા છે. અહીં તો ગુરુદેવે કીધેલું કહેવાય છે.

પ્રશ્ન :- પણ બહેનશ્રી એ વખતે એવું કોઈ નહોતું જાગૃત થયું. આજે ગેરહાજરીમાં ગુરુદેવ યાદ આવે છે, એ ગુરુદેવનો હવે અમને ખ્યાલ આવે છે કે ઓહો..! બહેનશ્રી કહે છે એ જ વાત સાચી હતી. મૂળ મહિમા એનો જ પણ આ દ્વારા અહીંયાં હવે અત્યારે આવે છે. એ વખતે અમે એટલો ખ્યાલ નહોતા કાઢી શકતા. હવે સમજાય છે. અને ગુરુદેવના બહેનશ્રી પ્રત્યેના ભાવનું પણ પ્રયોજન આજે સમજાય છે. આપણને ઈશારામાં સમજાવી ગયા કે ન ભૂલશો હવે. જો હું તમને બધાને સોંપતો જાઉં છું, કહેતો જાઉં છું. અને જુઓ શાસન પણ 'ગુરુદેવ'ની હયાતી કરતા અત્યારે બિલકુલ શાંતિથી,

સ્વસ્થતાથી, સુંદર રીતે ગોઠવાય રહ્યું છે. જેને જવું હતું એ ગયા અને જેને રહેવું હતુ એ રહ્યા અને જેને શાંતિથી અભ્યાસ કરવો છે એ સારી રીતે કરી શકે છે. એ અપાર ઉપકાર છે. આ હકીકત છે. જેનામાં કચાશ હતી, તરત જ કહ્યું, આપણું અહીંયાં કામ નથી. અને જે પાકા અને સાચા નિષ્ઠાવાન હતા એ ટકી રહ્યા. આ હકીકત છે. આ હું બહુ જ પ્રમાણિકપણે જે કાંઈ સૂઝ સમજ છે એ પ્રમાણે કહું છું. આ સાવ સાચે સાચી હકીકત છે. આ પ્રતાપી પુરુષ.. અને બીજી વાત ગુણ અને પુણ્યનો લોકોને હજી ખ્યાલ નથી. પાપાનુંબંધી પુણ્ય અને પુણ્યાનુબંધી પુણ્ય શું કહેવાય એનો ખ્યાલ નથી. એટલે એની ટક્કર કોની સાથે જીલે છે એની ખબર નથી. ટક્કર કોની સાથે! અથાગ પુણ્યના ધણી એની સાથે.

ઉત્તર :- એ કાંઈ બોલવાની કાંઈ જરૂર નથી. ગુરુદેવે તો આખું બધું ઊભું કર્યું છે. આ તો બધું ચાલે છે એની અંદર. ગુરુદેવે તો આખા પલટાઓ કર્યા છે. આખા સંપ્રદાયના બધા પલટાઓ કર્યા. એ વાત આખી જુદી હતી. એમની પ્રભાવના વિકલ્પ, એમનો જે પ્રભાવનાનો વિકલ્પ, એમની વાણી આખો બધો પલટો લાવ્યા. એ વાત આખી જુદી હતી. અત્યારે તો બધું ઠીક છે. હવે એ વાત કાંઈ નહિ.

*(તત્ત્વ ચર્ચાનો શેષ અંશ આવતા અંકમાં)*

***

## નિવેદન

**વર્તમાન કોરોના વાઈરસની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સમસ્ત પાઠકવર્ગને સૂચિત કરવામાં આવે છે કે આગમી પૂજ્ય નિહાલચંદ્રજી સોગાનીજીની જન્મ જયંતિ સંબંધિત જાણકારી પ્રાપ્ત કરવા માટે નિમ્ન લિખિત મોબાઈલ નંબર ઉપર સંપર્ક કર્યા બાદ જ પોતાનો સોનગઢ આવવાનો કાર્યક્રમ બનાવવો. ધન્યવાદ.**

**મિતેષભાઈ શાહ — ૯૫૮૬૦૧૫૯૯૯**

**—શ્રી સત્‌સુખ પ્રભાવક ટ્રસ્ટ, ભાવગનર**



## 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માંથી દૃષ્ટિનું પરિણમન અને દૃષ્ટિનો વિષય સંબંધિત વચનામૃતો

શુભરાગને કર્તવ્ય માનવાની તો વાત જ શું? મારું તો કોઈ કર્તવ્ય જ નથી, એમ પહેલાં પાકું થવું જોઈએ. (ધ્રુવમાં કર્તવ્ય કેમ હોઈ શકે? હું તો ધ્રુવતત્ત્વ છું.) (૧૫૯)

***

અહીં (સ્વદ્રવ્યમાં) દૃષ્ટિ જામી ગઈ, બસ તે જ મુક્તિ છે, મુક્તિ કરવી નથી. (૧૬૧)

***

વસ્તુ વર્તમાનમાં પ્રત્યક્ષ પડી છે. વર્તમાનમાં જ મોજૂદ છે. એક સમયની પર્યાયની પાછળ આખેઆખી વસ્તુ પડી છે. લક્ષ કરે તે જ ક્ષણે દેખવામાં આવે છે. (૧૮૦)

***

'વર્તમાનમાં જ હું કૃતકૃત્ય છું' એવી પોતાની વસ્તુમાં દૃષ્ટિ થઈ ત્યાં 'કરું કરું' એવી કર્તૃત્વબુદ્ધિ છૂટી ગઈ. બસ તે જ મુક્તિ છે. (૧૯૧)

***

'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ' કેવી સુંદર વાત 'શ્રીમદ્જી'એ કરી છે! એક લીટીમાં બધી વાત આવી ગઈ. બસ ભાઈ, તું આટલો જ વિચાર (જ્ઞાન) કર. (૧૯૭)

***

'હું અધિક છું' તે જ સ્વયંનો માહાત્મ્યભાવ છે. હું કોઈપણ ભાવમાંવિકલ્પમાં ખસતો જ નથી-તણાતો જ નથી. એવો ને એવો અને જ્યાંનો ત્યાં હરસમય રહું છું. વિકલ્પની સાથેપરિણામની સાથે ખસતો જ નથી. શું દર્પણનું દળ ક્ષણિક આકારથી ખસી જાય છે? તેવું ને તેવું જ રહે છે. તેમ હું પણ તેવો ને તેવો જ સદા રહું છું. (૧૯૯)


***

અરે ભાઈ! તું એક સમયની પર્યાયમાં આવી જતો નથી. તું તો અનંતી પર્યાયોનો પિંડ છો. જો તું એક પર્યાયમાં આવી જાય તો બીજી બધી પર્યાયો વિધવા થઈ જશે. (૨૦૩)

***

હું એવો અપરિણામી (ધ્રુવ) પદાર્થ છું કે મને આખા ત્રણ લોકના બધા જ પદાર્થો ભેગા થઈને મને હલાવી શકતા નથી. (૨૦૬)

***




## પત્રાંક ૨૧૪

મુંબઈ, ફાગણ સુદ ૫, રવિ, ૧૯૪૭

અભેદદશા આવ્યા વિના જે પ્રાણી આ જગતની રચના જોવા ઈચ્છે છે તે બંધાય છે. એવી દશા આવવા માટે એ પ્રાણીએ તે રચનાના કારણ પ્રત્યે પ્રીતિ કરવી; અને પોતાની અહંરૂપ ભ્રાંતિનો પરિત્યાગ કરવો. સર્વ પ્રકારે કરીને એ રચનાના ઉપભોગની ઈચ્છા ત્યાગવી યોગ્ય છે, અને એમ થવા માટે સત્પુરુષના શરણ જેવું એક્કે ઔષધ નથી. આ નિશ્ચયવાર્તા બિચારાં મોહાંધ પ્રાણીઓ નહીં જાણીને ત્રણે તાપથી બળતાં જોઈ પરમ કરુણા આવે છે. હે નાથ, તું અનુગ્રહ કરી એને તારી ગતિમાં ભક્તિ આપ, એ ઉદ્‌ગાર નીકળે છે.

આજે કૃપાપૂર્વક આપે મોકલેલું વેદાંતનું 'પ્રબોધશતક' નામનું પુસ્તક પહોંચ્યું. ઉપાધિની નિવૃત્તિના પ્રસંગમાં તેનું અવલોકન કરીશ.

ઉદયકાળ પ્રમાણે વર્તીએ છીએ. ક્વચિત્ મનોયોગને લીધે ઈચ્છા ઉત્પન્ન હો તો ભિન્ન વાત, પણ અમને તો એમ લાગે છે કે જે આ જગત પ્રત્યે અમારો પરમ ઉદાસીન ભાવ વર્તે છે; તે સાવ સોનાનું થાય તો પણ અમને તૃણવત્ છે; અને પરમાત્માની વિભૂતિરૂપે અમારું ભક્તિધામ છે.

આજ્ઞાંકિત

***

## પત્રાંક–૨૧૫

મુંબઈ, ફાગણ સુદ ૮, ૧૯૪૭

આપનું કૃપાપત્ર પ્રાપ્ત થયું, એમાં કરેલાં પ્રશ્નોનો સવિગત ઉત્તર બનતાં સુધી તરતમાં લખીશ.

એ પ્રશ્નો એવાં પારમાર્થિક છે કે મુમુક્ષુ પુરુષે તેનો પરિચય કરવો જોઈએ. હજારો પુસ્તકોના પાઠીને પણ એવા પ્રશ્નો ઉગે નહીં, એમ અમે ધારીએ છીએ; તેમાં પણ પ્રથમ લખેલું પ્રશ્ન (જગતના સ્વરૂપમાં મતાંતર કાં છે ?) તો જ્ઞાનીપુરુષ અથવા તેની આજ્ઞાને અનુસરનારો પુરુષ જ ઉગાડી શકે. અત્ર મનમાનતી નિવૃત્તિ નથી રહેતી; જેથી એવી જ્ઞાનવાર્તા લખવામાં જરા વિલંબ કરવાની જરૂર થાય છે. છેલ્લું પ્રશ્ન અમારા વનવાસનું પૂછ્યું છે, એ પણ જ્ઞાનીની જ અંતર્વૃત્તિ જાણનાર પુરુષ વિના કોઈકથી જ પૂછી શકાય તેવું પ્રશ્ન છે.

આપની સર્વોત્તમ પ્રજ્ઞાને નમસ્કાર કરીએ છીએ. કળિકાળમાં પરમાત્માએ કોઈ ભક્તિમાન પુરુષો ઉપર પ્રસન્ન થવું હોય, તો તેમાંના આપ એક છો. અમને તમારો મોટો ઓથ આ કાળમાં મળ્યો અને તેથી જ જિવાય છે.

***